## (1) કોલકતા પોર્ટ ટ્રસ્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં આ પોર્ટનું નામ બદલીને મદન મોહન માલવીય પોર્ટ કરવામાં આવ્યું છે.

(2) તે ભારતનું કાર્યશીલ હોય તેવું સૌથી જૂનું બંદર છે.

(3) તે ભારતનું નદી પરનું એકમાત્ર મુખ્ય બંદર (Riverine Major Port) છે.

(4) કોલકાતા પોર્ટ ટ્રસ્ટ એક સ્વાયત્ત સંસ્થા છે.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ કેન્દ્રિય કેબિનેટ દ્વારા કોલકાતા પોર્ટનું નામ બદલીને શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ રાખવા માટેની બાબતને મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે ભારતનું કાર્યશીલ હોય તેવું સૌથી જૂનું પોર્ટ છે અને તેનું નિર્માણ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે ભારતનું નદી પરનું એકમાત્ર મુખ્ય બંદર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પોર્ટ વહાણવટા મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પોર્ટનું નિયમન **Major Port Trusts Act, 1963** હેઠળ કરવામાં આવે છે.

⇛ આ પોર્ટ પૂર્વ ભારતના વેપાર માટે મહત્ત્વનું છે. ભારતની સાથે–સાથે બે હિમાલયના દેશ : નેપાળ અને ભૂટાન માટે પણ આ પોર્ટ મહત્ત્વ ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ગ્લોબલ વેક્સિન સમીટ (Global Vaccine Summit) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સમીટની યજમાની યુ.કે. દ્વારા કરવામાં આવી હતી.

(2) આ સમીટ રસીકરણ માટે ફંડીંગ ઊભું કરવાના હેતુથી યોજવામાં આવી હતી.

(3) વર્ષ 2030 સુધીમાં વિશ્વના 100 કરોડ બાળકોને રોગપ્રતિકારક ક્ષમતા પહોંચાવાનું લક્ષ્ય આ સમીટમાં નિર્ધારિત કરવામાં આવ્યું છે.

(4) ભારતે આ સમીટમાં ભાગ લીધેલો નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રીશ્રીએ ગ્લોબલ વેક્સિન સમીટમાં સંબોધન કર્યું હતું.

⇛ આ સમીટની યજમાની યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સમીટમાં આશરે 50 દેશ, પ્રમુખ વેપારીઓ, સંયુકત રાષ્ટ્રની સંસ્થાઓ વગેરેએ ભાગ લીધેલો હતો.

⇛ આ સમીટનો હેતું રસીકરણ માટે ફંડીંગ ઊભું કરવાનો હતો. આ ફંડીંગથી વિશ્વને ભવિષ્યના ચેપી રોગોના ફેલાવાથી બચાવી શકાશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સમીટનું લક્ષ્ય વર્ષ 2025 સુધીમાં વિશ્વના અતિ ગરીબ દેશોના 30 કરોડ બાળકોને રોગપ્રતિકારક ક્ષમતા પહોંચાડવાનું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતે આ સમીટમાં 15 મિલિયન ડોલરનું ફંડીંગ અપવાનું વચન કર્યું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) વિશ્વ પર્યાવરણ દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ દર વર્ષે 5 જૂને ઊજવવામાં આવે છે.

(2) આ વર્ષે આ દિવસની થીમ "Celebrating Biodiversity" રાખવામાં આવી છે.

(3) ભારતે આ વર્ષે 'નગરવન'ના વિચાર તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

(4) ભારતીય નૌસેના દ્વારા 'ઈન્ડિયન નેવી એન્વાયરમેન્ટ કન્ઝર્વેશન રોડમેપ' નામનો દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (1) અને (2)

(C) માત્ર (2), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 5 જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસ ઊજવવાનો હેતુ વિશ્વમાં પર્યાવરણ માટે જાગૃતતા ફેલાવવાનો અને તેના સંરક્ષણ માટે પગલાં ભરવાનો છે.

⇛ આ વર્ષે આ દિવસની થીમ "Celebrating Biodiversity" રાખવામાં આવી છે. આ થીમ વર્તમાન પરિસ્થિતિઓને જોતા યોગ્ય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વિશ્વમાં આશરે દશ લાખ જેટલી પ્રજાતિઓ લુપ્ત થવાના ખતરામાં છે આથી બાયોડાયવર્સિટીને કેન્દ્રમાં રાખવાનો આ યોગ્ય સમય છે.

⇛ ભારતે આ દિવસે વૈશ્વિક થીમ ઉપરાંત 'નગરવન' (Urban Forest) પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતીય નૌસેનાએ પોતાની વિપરીત પર્યાવરણીય અસરોને ઘટાડવા માટેના ઉદ્દેશથી આ દિવસની ઉજવણી કરી છે.

⇛ ઉપરાંત નૌસેનાએ 'ઈન્ડિયન નેવી એન્વાયરમેન્ટ કન્ઝર્વેશન રોડમેપ' નામનો દસ્તાવેજ પણ જાહેર કર્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) જૈવવિવિધતા (Biodiversity) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જનીનીક, પ્રજાતિય અને ઈકોસિસ્ટમના સ્તરે વિવિધતાના માપને જૈવવિવિધતા કહે છે.

(2) ભારત વિશ્વની 15% જૈવવિવિધતા ધરાવે છે.

(3) વિશ્વના 35 બાયોડાયવર્સિટી હોટસ્પોટ પૈકી 4 ભારતમાં આવેલાં છે.

(4) ભારતના આ 4 હોટસ્પોટમાં હિમાલય, ઈન્ડો–બર્મા, સુન્ડાલેન્ડ અને પશ્ચિમ ઘાટનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ પૃથ્વી પર જીવનની વૈવિધ્યતા અને વિવિધતા (Variety and Variability)ને જૈવવિવિધતા કહે છે.

⇛ સામાન્ય રીતે જનીનીક, પ્રજાતિય અને ઈકો સિસ્ટમના સ્તરની વિવિધતાના માપને જૈવવિવિધતા કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારત વિશ્વની 8% જૈવવિવિધતા ધરાવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતની વૈભવી જૈવવિવિધતા એ વાત પરથી પણ જાણી શકાય છે કે વિશ્વના 35 બાયોડાયવર્સિટી હોટસ્પોટમાંથી 4 ભારતમાં આવેલાં છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વિશ્વના આ 4 હોટસ્પોટ કે જેમાં ભારતનો ભાગ પણ સમાવિષ્ટ છે તે નીચે મુજબ છે :

- હિમાલય : સમગ્ર હિમાલય વિસ્તાર (જેમાં પાકિસ્તાન, તિબેટ, નેપાળ, ભૂટાન, ચીન અને મ્યાનમારના હિમાલય વિસ્તારનો પણ સમાવેશ થાય છે.)
- ઈન્ડો–બર્મા : અંદમાન ટાપુ અને આસામ સિવાયનો ભારતનો પૂર્વોત્તરનો ભાગ
- સુન્ડાલેન્ડ : નિકોબાર દ્વિપ સમૂહ (સાથે–સાથે ઈન્ડોનેશિયા, મલેશિયા, સિંગાપોર, બ્રુનેઈ અને ફિલિપિન્સ)
- પશ્ચિમ ઘાટ અને શ્રીલંકા : ભારતનો સમગ્ર પશ્ચિમ ઘાટ અને શ્રીલંકા.

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) TULIP પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ The Urban Learning Internship Program છે.
(2) આ પોર્ટલ નાણાં મંત્રાલય તથા કૌશલ્ય મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.
(3) આ પોર્ટલ ITI ટેક્નીશિયોને શહેરી નિયમન વિશે કૌશલ્ય પ્રદાન કરવા ઈચ્છે છે.
(4) આ કાર્યક્રમમાં અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ પણ જોડાય શકશે.

(A) માત્ર (1) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય, શહેરી કાર્ય અને આવાસ મંત્રાલય અને AICTE દ્વારા TULIP નામનું ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ AICTEનું પૂરુંનામ ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેક્નીકલ એજ્યુકેશન છે.

⇛ અહીં, TULIPનું પૂરુંનામ The Urban Learning Internship Program છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પોર્ટલનું લક્ષ્ય શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB) અને સ્માર્ટ સિટીમાં 25,000 સ્નાતકોને ઈન્ટર્નશીપની તક પૂરી પાડવાનો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમમાં જોડાવાની લાયકાત : લાભાર્થી ભારતનો એવો નાગરિક હોવો જોઈએ જેણે તેની કોલેજનું અંતિમ વર્ષ છેલ્લા 18 મહિનાઓમાં પૂર્ણ કર્યું હોય અને B.Tech, B. Planning, B. Arch, BA, BSc, B.Com કે LLBની ડિગ્રી ધરાવતો હોય. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT